પૂર્વછાયો- અયોધ્યાવાસી આવિયાં, હરિપ્રસાદનો પરિવાર ।
સંબંધી શ્રીમહારાજનાં, સતસંગનો શણગાર ॥૧॥

ચોપાઇ- થયાં રાજી અયોધ્યાનાં વાસી, નયણે નિરખ્યા શ્યામ સુખરાશી ।
પછી સંગે તેડી તેને શ્યામ, આવ્યા પ્રભુજી ગઢડે ગામ ॥૨॥
તેને આપ્યાં ઉતરવા ઘર, ઘણું ઘટિત સારાં સુંદર ।
પછી કરી છે રૂડી રસોઇ, જમ્યા માવ ભાવ તેનો જોઇ ॥૩॥
પછી જમ્યા છે અયોધ્યાવાસી, વળતી વાલ્યમે વાત પ્રકાશી ।
પૂછ્યાં દેશ નગર ને ગામ, પૂછ્યાં સર્વે ઠેકાણાં ને ઠામ ॥૪॥
પૂછ્યાં વન વાડી વૃક્ષ વટ, પૂછ્યાં નદી તળાવ ને તટ ।
પૂછ્યાં શહેર બજારો ને ઘર, પૂછ્યાં ત્યાગી ગૃહી નારી નર ॥૫॥
પૂછ્યાં હરિમંદિર ધર્મશાળા, પૂછ્યા તીરથ ઘાટ સઘળા ।

તેનાં આપીઆપીને એંધાણ, કર્યાં સર્વે સ્થળનાં વખાણ ॥૬॥
પછી કહ્યું વાસી અયોધ્યાને, કાંઈક દીઠા સાંભળ્યા છે કાને ।
સર્વે યથારથ નવ જાણું, એમ કહીને જોડી છે પાણું ॥૭॥
પછી બોલ્યા આપે અવિનાશી, તમે સાંભળો અયોધ્યાવાસી ।
જેજે સ્થળનાં લીધાં છે નામ, તેમાં ફરતા અમે આહું જામ ॥૮॥
રહેતા રમતા ઘટે તેનું જમતા, હતા નાના સહુને ગમતા ।
પડી ટેવ તેણે બહુ ફરતા, મોટીમોટી નદીયો ઉતરતા ॥૯॥
રહેતા થોડું અમે ઘરમાંય, આજ ઈયાં કાલ વળી ક્યાંય ।
હતું હેત હરિકથામાંઈ, બીજી વાત ન ગમતી કાંઈ ॥૧૦॥
ગમતા ભક્તિવાન ત્યાગી જ્ઞાની, ભૂંડા લાગતા દેહાભિમાની ।
હતો સ્વભાવ ચટકીદાર, કઠણ વચન ન સહેતા લગાર ॥૧૧॥
હાંસી મશ્કરી ન ગમે ક્યારે, ઠઠા ઠિંગાઈશું વેર મારે ।
જે કોઈ બેઠું હોય અમપાસ, તે પણ કરી શકે નહિ હાસ ॥૧૨॥
અમે કહ્યો અમારો સ્વભાવ, એમ કહી રહ્યા મૌન માવ ।
પછી બોલ્યા અયોધ્યા રહેનાર, એમાં નથી પ્રભુ ફેરફાર ॥૧૩॥
એમ કરતાં સાંભળતાં વાત, વહીગઈ વિનોદમાં રાત ।
પછી દિવસ બીજે દયાળે, કહ્યું જેજે પુછિયું કૃપાળે ॥૧૪॥
સુત મામાનો મનછારામ, અતિવૃધ્ધ જાણો બહુનામ ।
તેને પુછે છે સુંદરશ્યામ, કહો અમારાં કુળનાં નામ ॥૧૫॥
બાલપણામાં અમે નિસર્યા, કુળ કુટુંબનાં નામ વિસર્યા ।
માટે કુળપરંપરા જેહ, કહો પરિવાર સહિત તેહ ॥૧૬॥
ત્યારે બોલ્યાં અયોધ્યાનાં વાસી, તમે સાંભળજો સુખરાશી ।
જેજે જાણ્યાં સાંભળ્યાં મેં નામ, તેહ કહું સુણો મારા શ્યામ ॥૧૭॥
પુણ્યવાન પાંડે કન્હિરામ, રહે શર્વારે ઈટાર ગામ ।
તેના સુત તે બાલકરામ, તેની ત્રિયા ભાગ્યમાની નામ ॥૧૮॥
તેના સુત એક શુભમતિ, દોષે રહિત દયાળુ અતિ ।
નામ હરિપ્રસાદ તે કહીએ, તેતો ધર્મનો અવતાર લઈએ ॥૧૯॥

મોટા યશવાળા સહુ જાણે, સારા સ્વભાવ સહુ વખાણે ।
એવા હરિપ્રસાદનો કહું, જેના પુણ્યનો પાર ન લહું ॥૨૦॥
લુણાપારના ત્રવાડી કહીએ, બાળકૃષ્ણના કાલુ તે લહીએ ।
તેને ઘેર છે ભવાની નાર, તેતો અતિ પવિત્ર ઉદાર ॥૨૧॥
તેને ત્રણ સુત સુતા ત્રણ, તેહ કહું સુણો અશરણ શરણ ।
વિશરામ સુબુધ્ધ ઘેલહિ, કાલુસુત કહ્યા ત્રણ તેહિ ॥૨૨॥
ચંદન વસંતા ને બાલાબાઈ, કાલુસુતા એ ત્રણ કહેવાઈ ।
ચંદનપતિ પાંડે શરધાર, વસંતાપતિ બલધિધાર ॥૨૩॥
બાલાબાઈ જે નિશ્ચે ભગતિ, તેના હરિપ્રસાદજી પતિ ।
કહું તેનો હવે પરિવાર, તમે સાંભળો પ્રાણઆધાર ॥૨૪॥
તેના સુત સુખરૂપ ત્રણ, તમે સહિત ભવદુઃખહરણ ।
મોટેરા તે શ્રીરામપ્રતાપ, બીજા તમે શ્રીહરિજી આપ ॥૨૫॥
ત્રીજા ઈચ્છારામજી કહેવાય, જેની મોટ્યપ કહી ન જાય ।
બેઉ ભાઈ અતિશે ઉદાર, જેનો યશ ઉત્તમ અપાર ॥૨૬॥
સર્વે રીત્યે સુખિયા છે એહ, એક તમ વિના દુઃખી તેહ ।
નીલકંઠ આવ્યા તમે આંઈ, બીજા કેડ્યે રહ્યા જે બે ભાઈ ॥૨૭॥
કહું તેનો હવે પરિવાર, તમને મળવા ઈચ્છતા અપાર ।
રામપ્રતાપ ઘેરે સુવાસી, તેતો તમ વિના હતાં ઉદાસી ॥૨૮॥
તેના ત્રણ સુત એક સુતા, તેનાં નામ પરમ પુનિતા ।
નંદરામ ને ઠાકોરરામ, ત્રીજા અયોધ્યાપ્રસાદ નામ ॥૨૯॥
સુતા શ્રીધનુબા નિરધાર, પાંડે જોખનનો પરિવાર ।
નંદઘેર છે લક્ષ્મી નાર, રામશરણ સુત નિરધાર ॥૩૦॥
નારાયણ પ્રસાદ હરિચંદ્ર, ચોથા સુત પણ છે સુંદર ।
ઠાકોરરામ ઘેર શિવકુંવરી, રામસુખ સુત દો દીકરી ॥૩૧॥
અયોધ્યા ઘેર સુનંદા નાર, કહ્યો જોખનનો પરિવાર ।
ઈચ્છારામ ઘેર વસુમતિ, જેને પ્રભુમાંહિ પ્રીત્ય અતિ ॥૩૨॥
તેના પુત્ર પંચ પુણ્યવાન, સુતા બેઉ તે કહું નિદાન ।

ગોપાળજી રઘુવીર નામ, વૃંદાવન વળી સીતારામ ॥૩૩॥
પાંચમો સુત નાથબદરી, સુતા ફુલશ્રી ને ફુલઝરી ।
ઇચ્છારામનો એ પરિવાર, ગોપાળજી ઘેર મેનાં નાર ॥૩૪॥
રઘુવીરને ઘેર વીરજા, બાકી કહું હવે ત્રણ બીજા ।
વૃંદાવન ઘેર ઇંદિરાવાસી, સીતારામ ઘેર ઇંદિરાસી ॥૩૫॥
એ હરિપ્રસાદ પરિવાર, ધર્મકુળ અતુલ ઉદાર ।
કહેતાં સુણતાં તેહનાં નામ, થાય પવિત્ર પામિયે ધામ ॥૩૬॥
વળી એ દેશના જે રહેવાસી, તેપણ તમ વિના છે ઉદાસી ।
રાત્ય દન સંભારે છે બહુ, તમ વિના આતુર છે સહુ ॥૩૭॥
એમ કહ્યું છે મનછારામે, સુણી લીધું છે સુંદરશ્યામે ।
પછી પુછી બીજી બહુ વાત, સુણી સહુ થયા રળિયાત ॥૩૮॥
એમ કરતાં કાંયેક દિન ગિયા, પછી વસંતના દિન આવિયા ।
ત્યારે વાલ્યમે કર્યો વિચાર, તેડાવ્યા ત્યાં સંત મોટા ચાર ॥૩૯॥
કહે સહુ મળી જુવો વિચારી, આ ગાદીના કોણ અધિકારી ।
આવ્યું છે અમારા જાણ્યામાંઇ, તેમાં ફેર રહેશે નહિ કાંઇ ॥૪૦॥
રામપ્રતાપ ને ઇચ્છારામ, તેના સુત સારા સુખધામ ।
એને આપું આ ગાદી અમારી, અતિ સારું છે જુવો વિચારી ॥૪૧॥
જેવું અમારું કુળ મનાશે, તેને તુલ્ય બીજું કેમ થાશે ।
ત્યારે સંત કહે સાચી વાત, આજ અમે થયા રળિયાત ॥૪૨॥
તમે કર્યા છે સંત જે ઘણા, તેમાં પણ નથી કાંઇ મણા ।
પણ આ વાતનું ઉંડું મૂળ, કાંજે કાવે છે ધર્મનું કુળ ॥૪૩॥
પછી પૂછ્યું પરસ્પર બહુને, ગમી વાત હૈયામાં સહુને ।
પછી વિત્યા થોડા ઘણા દન, આવ્યા વરતાલે જગજીવન ॥૪૪॥
સર્વે સંબંધી લેઇ સંઘાથ, આવ્યા ઉત્સવ કરવા નાથ ।
કર્યો અન્નકોટ ઉત્સવ આવી, પરબોધની તે ભલી ભજાવી ॥૪૫॥
કીધા દત્તાપુત્ર પોતે દોય, અવધપ્રસાદ રઘુવીર સોય ।
આપી ગાદી આચારજ કીધા, તેને મંદિર દેશ વહેંચી દીધા ॥૪૬॥

કરી દીધું ચોખું એમ આપે, કેડ્યે કોઈ કેને ન સંતાપે ।
એવી રીત્યે કરી એહ કામ, પછી પધાર્યા ગઢડે ગામ ॥૪૭॥
સર્વે દાસને દર્શન દીધાં, કરી વાત કૃતારથ કીધાં ।
નિત્ય નિર્ખે મૂર્તિ મનગમી, ત્યાંતો આવી વસંતપંચમી ॥૪૮॥
લાવ્યા ગુલાલ ને રંગ ઘણો, કર્યો સામાન રમવાતણો ।
અતિ આનંદે ભર્યા છે નાથ, નાખે છે રંગ પોતાને હાથ ॥૪૯॥
રેડે રંગ ને નાખે ગુલાલ, તેણે સખા થયા સહુ લાલ ।
સખે નાખ્યો છે નાથને રંગ, તેણે શોભે છે શ્યામનું અંગ ॥૫૦॥
સર્વે વસ્ત્ર થયાં રંગે રાતાં, જોઈ જન તૃપ્ત નથી થાતાં ।
પછી નાવાને ચાલિયા નાથ, સર્વે સખા લઈ પોતા સાથ ॥૫૧॥
નાહી આવી જમ્યા નાથ જન, કર્યો ઉત્સવ થઈ પ્રસન્ન ।
એમ આપે છે જનને આનંદ, ઘણે હેતે શ્રીસહજાનંદ ॥૫૨॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે અયોધ્યાપ્રસાદજી
ને તથા રઘુવીરજીને આચાર્ય કર્યા ને વસંતપંચમીનો ઉત્સવ કર્યો એ
નામે એકાણુંમું પ્રકરણમ્ ॥૯૧॥